શિવ લિંગપૂજાવિધ

(હીંદી ભાષામાંથી અનુવાદિત.)

દોહરો.

૧ શિવના લિંગની, જે વિધ પામી પ્રચાર;
તે આ પુસ્તકમાં લખી, શિવ પુરાણુ અનુસાર.

પ્રકાશક

મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભા

વિક્રય પુસ્તકાલય ગીરગામ, મુંબઇ.

"ધર્મવિજય" પ્રીન્ટીગ પ્રેસ, પાયધોની-મુંબઇ.

. ૨૦૦૦ સંવત ૧૯૬૬.

મુલ્ય ૦-૦-૩ ૧૦૦ નો રૂ. ૧॥

The worship of the phallic emblem or *linga* finds a doubtful sanction if any at all, in those ancient scriptures–H. H. Wilson's *Religion of the Hindus*, Vol. I. p. 220 (ed. 1862).

Non–Aryan rites merging into Hinduism.

—The evidence shews that the Hindus derived from non-Aryan sources their phallic emblem, the *linga;* their household fetish, the *saligram;* their village gods, *gramdevtas* with the ghosts and demons that haunt so many trees, and the bloody rites of their national deity, Shiva—Sir W. W. Hunter's *Imperial Gazetteer of India.* (published by the Government of India) Vol. VI p. 207 (ed. 1886)

અર્થ:—સંતાનજનક શક્તિનાં ચિન્હ અર્થાત્ લિંગની પૂજાનું તે પ્રાચીન શાસ્ત્રો (વેદ)માં વિધાન—જો વિધાન પણ હોય તો પણ–હોય તો તે શકમંદ છે. (અર્થાત્ મારા ધારવા પ્રમાણે નથી.)–એચ. એચ. વિલ્સન-કૃત હીંદુઓનો ધર્મ, ગ્રંથ ૧, પૃ. ૨૨૦ (૧૮૬૨ ની આવૃત્તિ.

હીંદુ ધર્મમાં દાખલ થયલી અનાર્યોની ક્રિયાઓ—બીનાઓ ઉપરથી એ સિદ્ધ થાય છે કે લિંગ તેમનાં ઘરમાં પૂજાતો પત્થર શાલિગ્રામ, તથા અનેક વૃક્ષોમાં માનવામાં આવતા ભૂત અને રાક્ષસો તેમજ તે (અનાર્ય) પ્રજાના દેવતા અને શિવને લગતી લોહી લુહાણ નીપજાવનારી ક્રિયાઓ અનાર્યોથીજ હીંદુઓને મળી છે **નામદાર હીંદી સરકારે** પ્રગટ કરેલા **ઇંપીરીયલ ગેઝીટીયર** (ગ્રંથ ૬ ઠો) પૃ. ૨૦૭, આવૃત્તિ ૧૮૬૬ ની) માં સર વીલીયમ ડબલ્યુ હંટરનો લેખ.

ઓ૩મ્.

શિવલિંગ પૂજા વિધાન.

કાળચક્રે એવું ચક્કર ખાધું છે અને અવિદ્યાએ એવો દિવસ દેખાડયો છે કે લોકને શત્રુ મિત્રનું પણ ભાન રહ્યું નથી. સ્વાર્થી જનોએ ધર્મને બ્હાને જે કંઈ કહ્યું તેને ઈશ્વરવાક્ય માની બેઠા,–પછી ગમે તો તે વચન તેમની પ્રતિષ્ઠા ખોવરાવનારૂં હોય કે ધર્મ-ભ્રષ્ટ કરનારૂં હોય તેની ફીકર નહિ; લજ્જાથી સંસારને મ્હોં ન દેખાડાય તેની ફિકર નહિ. પવિત્ર વેદ ધર્મ જેવા સત્ય–અને જગત્માં સર્વથી પ્રાચીન ધર્મને વિસરી જઇ, શત્રુઓનાં બનાવેલાં અને કલ્પિત તેમજ અંડબંડ ગપ્પાંઓથી ભરેલાં અઢાર પુરાણોને પોતાનાં ધર્મપુસ્તક માની બેઠા; એટલુંજ નહિ પરંતુ એ પુરાણોની પ્રતિષ્ઠા વેદથી પણ વધારી દીધી. વેદધર્માનુયાયીને આથી ખેદની વાત કઇ હોય ?

શિવ ઇશ્વરનું એક પવિત્ર નામ છે; તેમના સંબંધમાં વામ-માર્ગી વ્યભિચારીઓએ એવી એવી કહાણીઓ જોડી કહાડી, કે જેનું વર્ણન કરતાં પણ શરમ આવે છે, લખતાં લેખણ પણ થરથરે છે. પરંતુ આજ કાલ થોડાએક કુબુદ્ધિ સ્વાર્થીઓ પોતાનો રોટલો જતો દેખી, આ જ્ઞાનપ્રકાશના સમયમાં પણ એ અંડબંડને કાયમ રાખવા પ્રયત્ન કરે છે; એટલુંજ નહિ પણ વેદાનુયાયીઓને કલંકી અને અધર્મી ઠરાવે છે. આથી સર્વ સાધારણ મનુષ્યોની

જાણમાં લાવવા અમે શિવપુરાણમાંના થોડા શ્લોક ગુજરાતી ભાષાન્તર સહિત પ્રકાશ કરીએ છીએ. આશા છે કે વાચકવર્ગ નિષ્પક્ષપાતથી વાંચી સત્ય - અસત્ય પારખી શકશે અને અસત્યને - ગપ્પાંને તજી દેશે.

શિવપુરાણ - જ્ઞાનસંહિતા - અધ્યાય ૪૨.

पुरा दारुवने जातं यद्वृत्तन्तु द्विजन्मनाम् ।
तदेव श्रूयतां सम्यक् कथयामि यथाश्रुतम् ॥ ५ ॥
दारु नाम वनं श्रेष्ठं तत्रासन्नृषिसत्तमाः ।
शिवभक्ताः सदा नित्यं शिवध्यानपरायणाः ॥ ६ ॥
त्रिकालं शिवपूजाञ्च कुर्वन्ति स्म निरन्तरम् ।
स्तोत्रैर्नानाविधैर्देवं मन्त्रैर्वा ऋषिसत्तमाः ॥ ७ ॥
एवं सेवां प्रकुर्वन्तो ध्यानमार्गपरायणाः ।
ते कदाचिद्वने याताः समिदाहरणाय च ॥ ८ ॥
एतस्मिन्नन्तरे साक्षाच्छङ्करो नीललोहितः ।
विरूपञ्च समास्थाय परीक्षार्थं समागतः ॥ ९ ॥
दिगम्बरोऽतितेजस्वी भूतिभूषणभूषितः ।
चेष्टाञ्चैव काटाक्षञ्च हस्ते लिङ्गञ्च धारयन् ॥ १० ॥
मनांसि मोहयन् स्त्रीणामाजगाम हरः स्वयम् ।
तं दृष्ट्वा ऋषिपत्न्यस्ताः परं त्रासमुपागताः ॥ ११ ॥

અર્થઃ—પ્રાચીન કાળમાં દારૂ વન મધ્યે દ્વિજોનો જે વૃત્તાંન્ત બન્યો, તે અમે જેવો સાંભળ્યો છે તેવો વર્ણવીએ છીએ. ૫. દારૂ નામે એક સુંદર વન હતું, તે વનમાં ઋષિઓ વસતા હતા, તેઓ શિવના ભક્ત હતા અને તેમના ધ્યાનમાં સદા કાળ રહેતા. ૬. વિવિધ પ્રકારના સ્તોત્રોથી અને મંત્રોથી શિવજીનું ત્રિકાળ પૂજન કર્યા કરતા અને ધ્યાનમાં લાગ્યા રહેતા. ૭. એમ સેવા કરતા અને ધ્યાનમાં લીન રહેતા. એવા એ ઋષિઓ એક દિવસ વનમાં લાકડાં લેવા ગયા. ૮. એવે સમે સાક્ષાત્ શંકર ભગવાન ભુરા રાતા રંગનું કુબડું રૂપ ધારણ કરી પરીક્ષા કરવા આવ્યા. ૯. નાગા થઇ જઇ આંખોના ચાળા કરતા કરતા હાથમાં* ગુપ્ત અંગ પકડી આવ્યા. ૧૦. સ્ત્રીઓના હ્રદયને મોહ પમાડતા એવા શંકર ભગવાન્ આવ્યા જોઇને ઋષિપત્નીઓ ભય પામી ગઇ. ૧૧.

ટિકાઃ—પ્રિય પાઠકગણ ! આપ સ્પષ્ટ રીતે જોઇ શકશો કે જે વર્ણનનું નામ એ લોકોએ જ્ઞાનસંહિતા રાખ્યું છે, તે મહા અજ્ઞાનસંહિતા છે. શું આથી વધારે લંપટપણાનું દૃષ્ટાંત મળી આવશે ?—કે પરમાત્મા, જે મહાન્ પવિત્ર છે અને કામક્રોધાદિ ગુણોથી રહિત છે, તે આવો અસભ્ય વેશ લઇ, પોતાના ભકતોની સ્ત્રીઓ સાથે—રાત્રિ દિવસ પોતાની પૂજામાં લીન રહે એવા ભકતોની સ્ત્રીઓ સાથે-આવું અનુચિત કાર્ય કરે ! જંગલી મનુષ્ય પણ એવું કાર્ય નહિ કરી શકે. અમારૂં તો એમ મા-

---

+ આથી વધારે નિર્લજ્જ કોઇ કામ હશે ? એવાં કામ તો અઘોરીજ કરી શકે.

નવું છે કે વામમાર્ગીઓએજ શંકર ભગવાન પર આ કલંક ચોટા-ડયું છે. પોતાનો દોષ ઢાંકવા અને પોતાનાં કર્મોનો ઉત્તર આપવા શિવજીનું આવું વર્ણન કર્યું છે. ને એમને માથે આ કલંક ચોંટાડયું છે. જે વ્યાસમુનિની બુદ્ધિ વેદાન્તાદિ પુસ્તકોમાં ઝળકી રહી છે, તે આવાં નિર્લજ્જ પુસ્તકો લખે, એમ અમે કદાપિ માની શકતા નથી. ઉત્તર હિંદુસ્તાનમાં કેટલાક હોળીયાઓ હોળીપર ગાવાને મહાત્મા કબીરજીને નામે પદ બનાવી લે છે, તેમજ વેદધર્મના શત્રુઓએ મહર્ષિ વ્યાસને નામે શિવપુરાણાદિ રચી લીધાં છે. એવો કોણ સપુત ભારતસંતાન હશે કે જે પિતા શંકર ભગવાન્પરનું આ કલંક સાંભળી ક્રોધાયમાન થાય નહિ ?

विह्वला विस्मिताश्चैव समाजामुस्तथां पुनः ।
आलिङ्गुस्तदा चान्याः करं धृत्वा तथापराः ॥ १२ ॥
परस्परन्तु सहर्षाद्गतश्चैव द्विजन्मनाम् ।
एतास्मिन्नैव समये ऋषिवर्य्याः समागमन् ॥ १३ ॥
विरुद्धं वृत्तकं दृष्ट्वा दुःखिताः क्रोधमूर्च्छिताः ।
तदा दुखमनुप्राप्ताः कोऽयं कोऽयं तथाऽब्रुवन् ॥ १४ ॥
यदा च नोक्तवान् किञ्चित् तदा ते परमर्षयः ।
ऊचुस्तं पुरुषं वै विरुद्धं क्रियते त्वया ॥ १५ ॥
त्वदीयश्चैव लिङ्गञ्च पततां पृथिवीतले ।
इत्युक्ते तु तदा तैस्तु लिङ्गञ्च पतितं क्षणात् ॥ १६ ॥

અર્થ— ઋષિપત્નીઓ ગભરાઈ ગઈ ને વિસ્મય પામી, પણ વળી આવેલા પુરૂષને જોઇ તેઓએ પરસ્પર એક બીજાના હાથ ઝાલ્યા. ૧૨. હર્ષથી પરસ્પર * આલિંગન કર્યું, એવે સમયે ઋષિજનો આવી પહોંચ્યા. ૧૩. મહાદેવજીનો આ અનુચિત વ્યવહાર જોઇને તેઓ દુ:ખી થયા. ક્રોધના આવેશમાં આવી જઈ બોલ્યા, "આ કોણ છે ? આ કોણ છે ?" ૧૪. જ્યારે શિવજી કાંઇ બોલ્યા નહિ, ત્યારે ઋષિઓએ શાપ દીધો. "તેં આ બુરૂં કામ કીધું છે, માટે તારૂં ગુપ્ત અંગ પૃથ્વીપર તુટી પડો." એટલું કહેતામાં તો તેમ થયું. ૧૫-૧૬

ટિકા— આ શ્લોકોપર ટિકા લખતાં અમને શરમ આવે છે. ન્યાયપ્રિય પાઠકગણ પોતાની મેળેજ સમજી લેશે. હે પૌરાણિક ભાઇઓ ! શું આવાં ગપોડાંને તમે વેદજ્ઞાનને નામે હવે ચલાવી શકશો ? ધન્ય છે તમારી અને તમારા ચેલાઓની બુદ્ધિને !

तल्लिङ्गञ्चाग्निवत् सर्व्वं ददाह यत् पुरः स्थितम् ।
यत्र यत्र च तच्चापि तत्र तत्र दहेत् पुनः ॥ १७ ॥
पाताले च गतं तच्च स्वर्गे चापि तथैव च ।
भूमौ सर्वत्र तद्भ्रान्तं कुत्रापि तत् स्थितं न हि ॥ १८ ॥
लोकाश्च व्याकुला जाता ऋषयस्तेऽपि दुःखिताः ।
न शर्म्म लेभिरे क्वापि देवाश्च ऋषयस्तथा ॥ १९ ॥

* બિચારી ઋષિપત્નીઓપર કલંક ચડાવ્યું ! શું ઋષિપત્નીઓ એવી હોય ?

ते सर्व्वेच तदा। देवा ऋषयो ये च दुःखिताः।
न ज्ञात्श्च शिवो यैस्तु ब्रह्माणं शरणं ययुः॥ २०॥
तत्र गत्वा तु तत् सर्व्वं कथितं ब्रह्मणे तदा।
ब्रह्मातद्वचनं श्रुत्वा प्रोवाच ऋषिसत्तमान॥ २१॥

ब्रह्मोवाच।

ज्ञातारश्च भवन्तो वै कुर्व्वन्ति गर्हितं पुनः।
अज्ञातारो यदा कुर्य्युः किं पुनः कथ्यते तदा॥ २२॥
विरुध्येवं शिवं देवाः कुशलं कः समीहते।
गृहे समागतं दूरादतिथिं यः परामृषेत्॥ २३॥
तस्यैव सुकृतं नीत्वा स्वीयश्च दुष्कृतं पुनः।
संस्थाप्य चातिथिर्य्याति किं पुनः शिव एव च॥ २४॥
यावल्लिङ्गं स्थिरं नैव जगतां त्रितये शुभम्।
जायते न तदा क्वापि सत्यमेवतद्वदाम्यहम्॥ २५॥
भवद्भिश्च यथा कार्य्यं यथा स्वास्थ्यं भवेदिह।
इत्युक्तास्ते प्रणम्योचुः किं कार्य्यं तत् समादिश॥ २६॥
इत्युक्तश्च तदा ब्रह्मा तान् प्रोवाच तदा स्वयम्।
आराध्यं गिरिजां देवीं प्रार्थयध्वं शुभां तदा॥ २७॥
योनिरूपं भवंच्चेद्वै तदा तत् स्थिरतां भजेत्।
तदा प्रसन्नां तां दृष्ट्वा तदेवं कुरुते पुनः॥ २८॥

અર્થ:— એ લિંગે, જે પદાર્થો પાસે હતા, તે સર્વને અગ્નિની પેઠે બાળી ભસ્મ કરી નાખ્યા. જ્યાં જ્યાં તે લિંગ જતું ત્યાં ત્યાં સર્વ વસ્તુને બાળી ભસ્મ કરી નાખતું. ૧૭. પાતાળ, સ્વર્ગ, પૃથ્વી આદિ સર્વ સ્થળને બાળતું એવું એ લિંગ કોઇ સ્થાને ઠરી ઠામ બેઠું નહિ. ૧૮. આથી સર્વે જણા અકળાઇ ગયા અને તે ઋષિજનો પણ દુ:ખી થવા લાગ્યા. તેમને ક્યાંય પણ સુખ ન મળ્યું. ૧૯. પછી એ દુ:ખી થયેલા દેવો અને ઋષિઓ શિવજીને ન ઓળખવાથી બ્રહ્માને શરણે ગયા. ૨૦. અને તેમને બધી હકીકત નિવેદન કરી. બ્રહ્મા એમનાં વચન સાંભળી બોલ્યા. ૨૧. "તમે જાણી જોઇને * દુષ્કર્મ કર્યું છે. જે [1] મનુષ્યો અજ્ઞાનથી કંઈ કુકર્મ કરે, તેને શું કહેવું? ૨૨. હે દેવતાઓ! શિવજીને દુભવીને કોણ સુખી થયું છે? જે મનુષ્ય દૂરથી આવેલા અતિથિનો સત્કાર નથી કરતો, તેનાં સર્વે સત્કર્મ પેલા અતિથિ સાથે જાય છે. એટલુંજ નહિ પણ તે અતિથિનાં દુષ્કર્મ પેલા ગૃહસ્થને ઘેર રહી જાય છે તો શિવજી જેવા [2] અતિથિનું અપમાન કરવું એ જેવી તેવી વાત નથી; ૨૩-૨૪. હું સત્ય કહું છું કે જ્યાં સુધી એ સ્થિર નહિ થાય ત્યાં સુધી જગતમાં શાન્તિ થવાની નથી. ૨૫. તમારે એવું કરવું જોઇએ

---

* વાહ વાહ! પોતાની સ્ત્રીઓના ધર્મનું રક્ષણ કરવું એ દુષ્કર્મ! ત્યારે શું એમને ભ્રષ્ટ થવા દેવી જોઇતી હતી?

૧ પહેલાં કહ્યું કે જાણી જોઇને દુષ્કર્મ કર્યું-હવે કહે છે કે અજ્ઞાનથી કર્યું!

૨ અતિથિઓનો સ્ત્રી વડે સત્કાર એવો ચાલ આફ્રિકાની તથા આંડામાનના ટાપુની કેટલીક જંગલી જાતોમાં છે,

કે એ સ્થિર થાય." બ્રહ્માજીનાં આવાં વચન સાંભળી ઋષિજનો પ્રણામ કરી બોલ્યા, "મહારાજ! ત્યારે શું કરવું તે આપ બતાવો." ૨૬. બ્રહ્મા બોલ્યા "તમે પાર્વતીની આરાધના કરી સ્તુતિ કરો. ૨૭. પાર્વતી યોનિરૂપ ધારણ કરે તો એ શાન્ત થાય. માટે એ પ્રસન્ન થઇ એ રૂપ ધારણ કરે ત્યારે તમારે એ બેનો મેલાપ કરાવવો. ૨૮.

ટિકા—આ શ્લોકમાં જે કંઇ અશ્લીલ અને અસભ્ય વાતો લખી છે તે સ્પષ્ટજ છે. એનાપર અમે વધુ લખવા નથી ચ્હાતા. આવાં પુરાણોને ઇશ્વરશબ્દ રૂપ માનનારને માત્ર એટલુંજ કહીએ છીએ કે જરા વિચાર કરો.

एवं कृते च स्वास्थ्यं वै भविष्यति न संशयः ।
इत्युक्तास्ते तदा देवाः प्रणिपत्य पितामहम् ॥ ३७ ॥
शिवस्य शरणं गत्वा प्रार्थितः शङ्करस्तदा ।
पूजितः परया भक्त्या प्रसन्न शङ्करस्तदा ॥ ३८ ॥
पार्व्वतीश्च विना न्यान्या लिङ्गं धारीयतुं क्षमा ।
तया धृतश्च शान्तिश्च गमिष्यति न संशय ॥ ३९ ॥
गृहात्वी चैव ब्रह्माणं गिरिजा प्रार्थिता सदा ।
प्रसन्नां गिरिजां कृत्वा वृषभध्वजमेव च ॥ ४० ॥
पूर्वोक्तश्च विधिं कृत्वा स्थापितं लिङ्गमुत्तमम् ।
मन्त्रोक्तेन विधानेन देवैश्च ऋषिभिस्तदा ॥ ४१ ॥

અર્થઃ—" એવું કરવાથી જગત્‌માં શાન્તિ થશે. એમાં કંઈ સંદેહ નથી" એવાં વચનો બોલતા હવા તે બ્રહ્માજીને સર્વે દેવો અને ઋષિઓ પ્રણામ કરી શિવજી પાસે ગયા. પરમ ભક્તિવડે શિવજીની પ્રાર્થના અને પૂજા કરી, ત્યારે તે પ્રસન્ન થઇ બોલ્યા. ૩૭–૩૮. " પાર્વતી વિના બીજા કોઇમાં આ લિંગ ધારણ કરવાની શક્તિ નથી. જો એ ધારણ કરશે તો લિંગ શાન્ત થઇ જશે, એમાં સંદેહ નથી. " ૩૯. પછી સર્વે ઋષિઓ બ્રહ્માને સાથે લેઇ પાર્વતી પાસે ગયા. પ્રાર્થનાથી પાર્વતીને પ્રસન્ન કર્યાં—શંકરને પણ પ્રસન્ન કર્યા. ૪૦. વિધિપૂર્વક દેવતાઓએ અને ઋષિઓએ મંત્ર ભણી એ ઉત્તમ (!) લિંગની પાર્વતીમાં સ્થાપના કરી. ૪૧. (ત્યારથી જ લિંગપૂજા ચાલી.)

ટિકાઃ—આ શ્લોકો એવા અશ્લીલ છે કે તેનાપર નોટ લખતાં પણ અમને શરમ આવે છે. પણ એટલું તો અવશ્ય લખવું પડે છે કે સંસારમાં એવો કોઇ મત નહિ હોય કે જે આવી વ્યર્થ અને અશ્લીલ વાતોનો પ્રચાર કરે. હબશી સર્વથી મૂર્ખ ગણાય છે, તે પણ પોતાનાં માતાપિતાપર આવા અશ્લીલ આરોપ નહિ લગાવે; ત્યારે આપણા સુશિક્ષિત અને ત્રિકાળ જ્ઞાની મનાતા શિવપુરાણમાં લખનારાઓએ પિતામાતા રૂપ શિવપાર્વતીની આવી ગંભીર પ્રકારની હાંસી કરતાં પાછું જોયું નથી ! પ્રિય હિન્દુભાઇઓ ! જરા તો વિચાર કરી જુઓ, કે આવી સભ્યતા વિરૂદ્ધની અશ્લીલ વાતો માનવાથી બીજા ધર્મવાળાઓને, તમે તમારૂં મ્હોં કેવી રીતે બતાવી શકશો ? ભાઇઓ, હવે તો ચેતો ! આ નિરર્થક ગપ્પાને તજી દો. જો આપ હજી પણ કામી અને સ્વાર્થીઓની વાતો માન્યા કરશો

અને સત્ય માર્ગે નહિ વળો તો હજારો હિન્દુઓ ખ્રિસ્તિ-મુસલમાન થઇ ગયા ને થઈ જશે. પ્રિયવરો ! આપ કેવળ વૈદિક ધર્મને માનો અને આ રગડાને દૂર કરો. લોક તમને બહુ પજવશે, ફોસલાવશે, ઉડાવશે; પણ યાદ રાખજો કે સત્ય એજ સત્ય છે. વળી યાદ રાખજો કે એ સ્વાર્થીઓ જે કહેશે તે પેટને માટે જ-ધર્મને માટે નહિ. અમે પણ પ્રસંગે પ્રસંગે એમને ચેતાવતા રહીશું.

શિવ શબ્દનો સત્ય અર્થ આ પ્રમાણે છે. **शिवु कल्याणे** એ ધાતુ પરથી શિવ શબ્દ બનેલો છે. **बहुलमेतन्निदर्शनम्** થી **शिवु** ધાતુ મનાય છે. જે કલ્યાણ રૂપ હોઇ બીજાનું કલ્યાણ કરે છે તેને શિવ કહે છે. એવો ગુણ માત્ર પરમાત્મામાંજ છે, તેથી શિવ નામ એ નિર્વિકાર જ્યોતિ:સ્વરૂપ ભગવાનનું છે

ફળ-પરમાનન્દ અને મુક્તિને ઇચ્છનારાઓ તો આવી કામી અને કુરૂપની ઉપાસના કરતા નથી, એટલુંજ નહિ પણ એ દેખાવ જોવા પણ ઇચ્છતા નથી. એ તો હોળીના હોળૈયાની ગમ્મત છે! સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન રહી કલ્યાણ પ્રાપ્ત કરનાર મનુષ્યોને ધન્ય છે!

આવી નીચ અધમ અને અસત્ય વાતો વ્યાસ જેવા સદ્ગુણી વિદ્વાન્ લખેજ નહિ. પુરાણ એમણે લખ્યાં નથી, એના બીજા પણ પુરાવા અમારી પાસે છે, હાલ તો માત્ર આ પુરાણ સંબંધી એકાદ બે પુરાવા આપી અમે અમારો આ લેખ પૂરો કરીશું.

જેને લોકો બુદ્ધાવતાર માને છે એ બુદ્ધદેવ શિવપુરાણની પહેલાં થઇ ગયા હતા. જુઓ-શિવપુરાણ, પૂર્વાદ્ધખંડ, અધ્યાય પાંચ, શ્લોક ૩ થી ૯ સુધી.

ઇતિહાસ વેત્તાઓએ કીર્તિસ્તંભો, સ્તૂપો, બૌદ્ધમન્દિરો અને આર્યાવર્ત, લંકા, બ્રહ્મદેશ, ચીન, ટિબેટ, આદિ દેશોનાં પુસ્તકો તેમજ સંગ્રહસ્થાનોની મૂર્તિઓ પરથી સિદ્ધ કર્યું છે કે બુદ્ધ વિક્રમ સંવત પૂર્વે ૬૧૪ માં જન્મ્યો હતો અને ૮૦ વર્ષનું આયુષ ભોગવી વિક્રમ સંવત્ પૂર્વે ૫૩૪ માં મરણ પામ્યો હતો. એમ એના જન્મકાળને લેઇએ તો પણ આજે વિક્રમ સંવત્ ૧૯૬૬ સુધીમાં ૨૫૮૦ થી વધારે વર્ષ થાય નહિ, અને વ્યાસમુનિને તો આજે ૫૦૦૯ વર્ષ થઇ ગયાં; અર્થાત્ બુદ્ધ, વ્યાસમુનિ પછી ૨૪૨૯ વર્ષે થયો, તેથી શિવપુરાણ-જેમાં બુદ્ધની વાતો લખી છે તે વ્યાસમુનિનું બનાવેલું ન હોય.

વળી, રામાનુજ વિક્રમની બારમી સદીમાં થઇ ગયા એ વાત સર્વે ઇતિહાસવેત્તાઓ જાણે છે, અને એ પણ અજાણ્યું નથી કે એ આચાર્યે વૈષ્ણવમત ચલાવી લોકને શંખ, ચક્ર, ગદા અને પદ્મથી ચક્રાંકિત બનાવ્યા; પરંતુ વૈષ્ણવમતનું ખંડન શિવપુરાણમાં છે. જુઓઃ—

शङ्खचक्रे तापयित्वा यस्य देहः प्रदह्यते ।
सजीवनकुणपस्त्याज्यः सर्व धर्म बहिष्कृतः ॥ १ ॥

અર્થઃ—તપાવેલા શંખચક્રથી જે મનુષ્યનું શરીર બાળવામાં આવે છે, તે જીવતો છતાં પણ મુડદા જેવો છે, અને સર્વ ધર્મમાંથી બ્હાર કહાડી મુકાયેલો છે.

આથી સ્પષ્ટ થાય છે કે રામાનુજનો મત ચાલ્યા પ
શિવપુરાણ રચાયેલું છે, કારણ કે **प्राप्तो सत्यान्निषेधः।** અ
જે વસ્તુ હોય તેનો નિષેધ–ખંડન થઇ શકે છે, ત્ય
શિવપુરાણ રચાયું તે વખતે રામાનુજનો પંથ ચાલ
હોવો જોઇએ; રામાનુજ વિક્રમની બારમી સદીમાં થઈ ગ
એટલે આજ એમને થઇ ગયાંને આશરે સાતસે આઠસેં વર્ષ થય
અને વ્યાસમુનિ તો ઉપર કહ્યા પ્રમાણે **૫૦૦૯** વર્ષપર થ
ગયા. માટે રામાનુજ વ્યાસની પછી આશરે ચાર સવાચ
હજાર વર્ષે થયા. આથી સિદ્ધ થાય છે કે શિવપુરાણ વ્યા
નહિ પણ રામાનુજ પછીના કોઈ ધૂર્તે વ્યાસને નામે રચી કહ
ડયું છે! સહજ બુદ્ધિ વાપરનારને અમે આ વિચાર કરવા
સ્થાન આપ્યું છે તો તે પ્રસંગનો લાભ લેઇ પોતાનું કલ્યાણ ક
લેશે, તથાસ્તુ!

સમાપ્ત.

આર્ય સમાજના નિયમો,

૧. સર્વ વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે સર્વનું આદિ મૂલ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશકિતમાન, ન્યાયકા દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વ સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, ઋ સૃષ્ટિકર્તા છે; એની ઉપાસના કરવી યોગ્ય છે,

૩. વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું ભણાવવું અન સાંભળવું સંભળાવવું. એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવા જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સભા (સમાજ)નો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતીપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજીક સર્વ હિતકારી નિયમ પાળવામ પરતંત્ર રહેવું જોઇએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.